પોલીસ કમિશ્નરની કચેરી, સુરત શહેર.
પોલીસ ભવન, અઠવાલાઇન્સ, સુરત શહેર-૩૯૫૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન-૦૨૬૧ ૨૨૪૧૧૧૦
કંટ્રોલ રૂમ ફેકસ નં. ૦૨૬૧ ૨૨૪૧૩૦૪
e-mail : special.cp.sur@gmail.com

## :: જાહેરનામું ::

## :: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ ::

**ક્રમાંકઃ એસ.બી/ NEET-પરીક્ષા / ૮૯ /૨૦૨૫**

National Testing Agency(રાષ્ટ્રીય પરીક્ષા એજંસી), ભારત સરકાર દ્વારા NEET – 2025 પરીક્ષા આગામી **તા.૦૪/૦૫/૨૦૨૫** રવિવારના રોજ કલાક- ૧૪.૦૦ થી ૧૭.૦૦ દરમ્યાન સુરત શહેર ખાતે નીચે મુજબનાં પરીક્ષા કેન્દ્રો ઉપર (સ્કુલો/હાઈસ્કુલો)માં લેવામાં આવનાર છે. જેથી પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં શાંતિમય વાતાવરણ રહે તેમજ પરીક્ષાર્થીઓને પરીક્ષા દરમ્યાન કોઈ ખલેલ ન પહોંચે તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણીનાં હેતુસર પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં પરીક્ષા કેન્દ્રોથી ૧૦૦ મીટરના વિસ્તારમાં ચાર કે ચાર થી વધુ વ્યકિતઓ ભેગા થવાની, સભા ભરવાની કે સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરુ છું કે, સુરત શહેરમાં પરીક્ષા કેન્દ્રોના ૧૦૦ મીટરના વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું કે,

## :: પ્રતિબંધિત કૃત્યોની યાદી ::

(૧) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રિજ્યા અંદર ચાર કરતા વધુ વ્યક્તિઓને એકત્ર થવા, સભા ભરવા કે સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ.

(૨) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રીજ્યા અંદર ઝેરોક્ષ સેન્ટર પરીક્ષા દરમ્યાન ચાલુ રાખવા પર પ્રતિબંધ.

(૩) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રીજ્યા અંદર વાહનો ઉભા રાખવા પર પ્રતિબંધ.

(૪) પરીક્ષા કેન્દ્રના બિલ્ડીંગમાં કોઈપણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઈપણ કર્મચારીઓ (સરકારી પ્રતિનિધિ સિવાય) મોબાઈલ ફોન, ઈલેકટ્રોનિક્સ ડિવાઈસ અથવા કોમ્યુનિકેશન ડિવાઈસ કે સિસ્ટમ રાખવા / લાવવા લઈ જવા પર પ્રતિબંધ.

## :: પ્રતિબંધિત વિસ્તાર ::

સુરત શહેર પોલીસ કમિશ્નરેટની હકુમત હેઠળની નીચે મુજબની સુરત શહેરની સ્કુલો/ હાઈસ્કુલોમાં નીચે જણાવેલ પરીક્ષા કેન્દ્રો, સ્ટ્રોગ રૂમો તથા આસપાસનો ૧૦૦ મીટરનો વિસ્તાર.

## :: પરીક્ષા કેન્દ્રની વિગત દર્શાવતું પત્રક ::

| અ.નં. | પરીક્ષા કેન્દ્રનું નામ (હાઈસ્કુલ) |
|---|---|
| | **વરાછા પો.સ્ટે.** |
| ૧ | શ્રી કે.સી.કોઠારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા યુનિટ-૦૨ હીરાબાગ |
| | **કાપોદ્રા પો.સ્ટે.** |
| ૨ | એમ.એન.જે. પટેલ માધ્યમીક શાળા યુનીટ-૨ કાપોદ્રા પોલીસ સ્ટેશન પાસે, વરાછા રોડ, |
| ૩ | સુરત ડાયમંડ ગર્લ્સ હાઇસ્કુલ યુનીટ-૧ કાપોદ્રા પોલીસ સ્ટેશન પાસે વરાછા રોડ, |
| ૪ | પી.પી. સવાણી વિદ્યાભવન યુનિટ-૧ હિરાબાગ વરાછા રોડ, કાપોદ્રા સુરત |
| | **પુણા પો.સ્ટે.** |
| ૫ | શ્રીમતી એલ.પી.ડી. પટેલ યુનિટ-૦૧ સાર્વજનીક વિદ્યાલય, પુણાગામ, સુરત |

| | |
|---|---|
| **ચોકબજાર** | |
| ૬ | અખંડ આનંદ વિદ્યાભવન યુનિટ-૧ , વેડ રોડ સુરત |
| ૭ | પી.એમ.ભગત માધ્યમિક શાળા, યુનિટ-૧, પીપલ ચાર રસ્તા ગોટાલાવાડી ઉદયનગર-૧, . |
| **અઠવા પો.સ્ટે.** | |
| ૮ | શ્રી આર.ડી.ઘાયલ જીવન ભારતી સેકન્ડરી સ્કુલ યુનીટ-૧ નાનપુરા સુરત |
| **ઉમરા પો.સ્ટે.** | |
| ૯ | લુર્ડઝ કોનવેન્ટ, હાઇસ્કુલ ઇન્ડોર સ્ટેડીયમ સામે, અઠવાલાઇન્સ, સુરત. |
| ૧૦ | પીએમશ્રી કેન્દ્રિય વિદ્યાલય નં-૧ ઇચ્છાનાથ ડુમસ રોડ સુરત |
| ૧૧ | શ્રી વી.ડી.ઠાકરસી ગર્લ્સ હાઇસ્કુલ વનિતા વિશ્રામ સ્કુલ યુનિટ-૧ અઠવા સુરત |
| ૧૨ | સી.સી.શાહ સાર્વજનિક ઈંગ્લીશ હાઈસ્કુલ, એક્ષપરિમેન્ટલ સ્કુલ કેમ્પસ, પાર્લે પોઈન્ટ, |
| ૧૩ | સરદાર વલ્લભભાઈ નેશનલ ઈસ્ટીટ્યુટ યુનિટ-૧, ઈચ્છાનાથ, ડુમસ રોડ, સુરત |
| ૧૪ | સરદાર વલ્લભભાઈ નેશનલ ઈસ્ટીટ્યુટ, યુનિટ-૨, ઈચ્છાનાથ, ડુમસ રોડ, સુરત |
| ૧૫ | ડો. એસ.& એસ.એસ. ગાંધી ગવર્મેન્ટ એન્જીનિયરીંગ કોલેજ, મજુરાગેટ, સુરત |
| **ખટોદરા પો.સ્ટે.** | |
| ૧૬ | વિદ્યાભારતી હિન્દી વિદ્યાલય, ભટાર ચાર રસ્તા ઉધના મગદલ્લા રોડ, સુરત. |
| **રાંદેર પો.સ્ટે.** | |
| ૧૭ | લોકમાન્ય હાઇસ્કુલ, મોટી ફળીયા રાંદેર સુરત |
| ૧૮ | પીપરડીવાલા, ઇ.મિડી., હાઈસ્કુલ, એસ.વી.પટેલ રાંદેર રોડ, સુરત |
| ૧૯ | સંસ્કાર ભારતી વિદ્યાલય, ગુ.મા., પાલનપુર પાટીયા, સુરત |
| **અડાજણ પો.સ્ટે.** | |
| ૨૦ | એચ.એમ.બચકાનીવાલા સરદાર હાઇસ્કુલ પાલનપુર પાટીયા, રાંદેરરોડ, સુરત |
| **અમરોલી પો.સ્ટે** | |
| ૨૧ | ગૌતમી કન્યા વિદ્યાલય યુનિટ-૧, ઉત્રાણ, અમરોલી |
| ૨૨ | કે.એન્ડ એમ.પી. પટેલ સાર્વજનીક વિદ્યાલય યુનીટ-૧ અમરોલી સુરત |

**નોંધ :- સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં કુલ- ૨૨ કેન્દ્રો છે.**

**:: અપવાદ ::**

**વધુમાં હું આદેશ કરૂં છું કે આ હુકમ નીચે નાઓને લાગુ પડશે નહી.**

(૧) ઉપરોકત પરીક્ષા કાર્યમાં રોકાયેલ વ્યક્તિઓને.

(૨) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં ફરજ ઉપર હોય તેવી વ્યક્તિઓને

**:: અમલવારીનો સમય ::**

**આ હુકમ તા.૦૪/૦૫/૨૦૨૫ ના ક.૦૦/૦૦ થી તા.૦૪/૦૫/૨૦૨૫ના કલાક:૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.**

**:: શિક્ષા ::**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

:: **જાહેર વિજ્ઞપ્તિ** ::

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું. કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી ધ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીશ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ :- ૦૧/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર એસ. બી. સુરત શહેર

(અનુપમ સિંહ ગહલૌત)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

પ્રતિ,

(૧) ખાસ પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ સુરત શહેર.
(૨) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ, ટ્રાફિક તથા સેક્ટર-૨ સુરત શહેર.
(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ,સુરત શહેર.
(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીતમામ, સુરત શહેર.
(૫) તમામ પો.સ્ટે./શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર. (નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૬) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી).

સવિનય નકલ રવાના :-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર/વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.
(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.
(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત .
(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર.( નાનપુરા બહુમાળી સુરત )
(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. ( જીલ્લા સેવા સદન અઠવાલાઇન્સ સુરત )
(૧૯) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત (સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ)